# 'યુગવંદના' કાવ્યસંગ્રહનાં પ્રેમલહેરી પ્રકારનાં કાવ્યો વિશે વિગતે ચર્ચા કરો.

## ભૂમિકા-

ગાંધીયુગનાં 'રાષ્ટ્રીય શાયર' તરીકે જાણીતા સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણી. દેશની આઝાદીની ચળવળનાં એ યુગનો પ્રભાવ સૌ કોઇ સર્જકોએ ઝિલ્યો હતો. સાથોસાથ આ યુગનાં સર્જકોએ ભાવનાત્મક અને જીવનનાં ઉદાત પ્રણયભાવને પણ સુંદર રીતે ગાયો છે. મેઘાણીની સર્જનયાત્રા બહુવિધ છે. કવિતાકારથી માંડીને નવલકથા, નવલિકાઓ, નિબંધ, અનુવાદ, લોકસાહિત્ય વગેરે જેવા અનેક વિષયમાં અને સાહિત્ય સ્વરુપમાં એમનું ખેડાણ જોઇ શકાય છે. મેઘાણીની કલમ લગભગ પચ્ચીસ વર્ષ ચાલે છે. એમાં એમણે લગભગ **96 (છન્નું)** જેટલાં પુસ્તકો આપ્યાં છે. એમનું આ માતબર સાહિત્ય આજેય ગાંધીયુગનું પ્રથમ પંક્તિનું સાહિત્ય સર્જન ગણાય છે. 'યુગવંદના' મેઘાણીનો જાણીતો કાવ્યસંગ્રહમાં. એમાં ઘણાં કાવ્યો છે. પણ આપણી ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં કોર્ષમાં પસંદ થયેલી કવિતાઓની સંખ્યા માત્ર **23 (**ત્રેવીસ**)** છે. એમાં, આપણે પ્રેમલહરી કે પ્રણયલહરીનાં ત્રણ કાવ્યોને નજર સામે રાખીને આ કાવ્યોની ચર્ચા કરીશું.

## 'યુગવંદના'નાં ત્રણ પ્રેમલહેરી કાવ્યો-

'યુગવંદના' કાવ્યસંગ્રહનાં ત્રણ પ્રેમલહરી વિષયનાં કાવ્યો આપણા અભ્યાસક્રમમાં પસંદગી પામ્યાં છે. આપણે એ ત્રણેય કાવ્યોની ચર્ચા કરીએ.

'દીવડો ઝાંખો બળે', 'વિશ્વંભર !' અને 'પ્રત્યેક વર્ષે' આ ત્રણ કાવ્યો આ પ્રેમલહરી વિષય અંતર્ગત આવે છે. આપણે એની ક્રમશ: ચર્ચા કરીએ.

'દીવડો ઝાંખો બળે' કાવ્ય મેઘાણીની એક ગીતરચના છે. ધ્રુવ પંક્તિ તો શીર્ષક રુપે જ છે. પણ બીજી પંક્તિમાં 'રે દીવડો ઝાંખો બળે'. અહીં, 'રે' ગીતનો લયલાલિત્ય રુપ શબ્દ છે. તો, સાથે જ 'મારો' શબ્દ મૂકીને કવિ સ્વ-સંવેદનાને પણ ઉમેરી દે છે. આજે ઘેર ઘેર મહેમાનો આવે છે. એનાં પળે પળ પડઘાં પડે છે. 'હે સ્વામી ! આજે તો આખુંય નગર સૂતું છે'. તો તારા સ્વાગત કોણ કરશે ? હે ! અતિથિ ?. દીવડો ઝાંખો બળે છે. આકાશે તારો રથ ગાજે છે. ધરતી માત પણ ધબક્યાં કરે છે. પરદેશીને પોઢણ ક્યાં દેશું ? એ પ્રશ્ન પૂછે છે. પણ, પંક્તિની આગળ 'રે-વાચક' આ કાવ્યને ગીત બનાવે છે. નયણે નીર ઝરે છે. કારણ, દીવડો ઝાંખો બળે છે. સાંજ સમયે આવું છું, હું સમજી ! એવું કહીને ગયેલો, આજે યુગ વિતી ગયાં. તોય, હજી પાછો ફર્યો નથી. તારા પગલાં પાછાં વળે, એની હું રાહ જોઇ રહ્યો છું. દીવડો ઝાંખો બળે છે. છેલ્લા અંતરામાં મેઘાણી કહે છે – 'સાંજ ગઇ, રજની ગઇ, ગુજરી હાય ! **(**અફસોસ વ્યક્ત કર્યો છે**)** પ્રભાત હવે થાશે. પણ, ક્યાં પેલો રથ ? ને ક્યાં પેલો અતિથિ ? ક્યાં પૂજન ? અને નીંદરમાં આવેલું સ્વપ્નું ? એતો સરી ગયું છે. 'દીવડો ઝાંખો બળે..' રે ! મારો દીવડો ઝાંખો બળે.... આમ, આ કાવ્ય અહીં પૂર્ણ થાય છે.

કવિ 'ક્યા' દીવડાની વાત કહેતા હશે ?. આત્મા રુપી દીપક કે પછી યુગોપૂર્વે અવતાર ધરી આવવાનું આશ્વાસન દેતો પરમેશ્વર રુપ દીપક?. ક્યા રથની વાત ? અને કયુ ગગન ?. કોણ અતિથિ ? અને કોણ નીંદરમાં સૂતું છે. આ બધા સંદર્ભો પ્રેમલહેરી સાથે જ ગાંધીયુગનાં 'રાષ્ટ્રીય શાયર' લાક્ષણિક રીતે તંદ્રા-નિદ્રાંમાં સૂતેલા સમાજને જગાડીને આઝાદીનાં પ્રેમદીવડાનો સંદર્ભ ટાંકે છે. સાંજ ગઇ અને હવે તો રજની પણ ગઇ ગુજરી. મેઘાણીની આ પ્રારંભકાળની રચના છે, ઇ.સ.**1918**ની. બિહાગ રાગમાં ગવાતી આ રચના આપણા આંતર-બાહ્ય દીવડા દ્વારાં ભાવપ્રિયતાને આગવી રીતે અહીં કહે છે. આઝાદીનો દીપક હજુ તો ક્યારે અજવાળું આપશે. ઝાંખું ઝાંખું આ સ્વાતંત્ર્યનું સપનું તો કવિએ ગાયું નથી ને ?. રાષ્ટ્રપ્રેમનાં કાવ્યની ઉપર પ્રેમલહેરીની આછેરી છાંટ છાંટીને એક સફળ કાવ્ય બનાવ્યું છે..

આ સંગ્રહનું બીજું પ્રેમલહેરી પ્રકારનું કાવ્ય તે 'વિશ્વંભર !' શીર્ષક હેઠળ લખાયેલું છે. આ કાવ્ય દુહા સ્વરુપે આપણને મળે છે. શીર્ષકની પાછળ ઉદગારવાચક ચિહ્ન ( ! ) જોવા મળે છે. કાવ્યનાં અનેક જગ્યાએ આ ચિહ્ન જોઇ શકાય છે. ફૂલડાંઓનું કામ ફોરમ આપવાનું. તારાઓનું કામ તેજ આપવાનું. તો ધરતી અને આભનું કામ આશરો (આશ્રય) આપવાનું છે. વિશ્વવ્યાપક વિશ્વંભર (વિશ્વનું ભરણ-પોષણ કરનાર તે પરમેશ્વર)ને કોઇ સમય, સ્થળ કે સીમાડામાં બાંધી શકાય નહીં. વળી, આપણે કોઇને મનથી પારકા માન્યાં જ નથી. કે ન તો કોઇને વેરી કે વિદેશી. સૌને સ્વીકાર કર્યો છે. સંસારનાં સૌ સંતાન તારા જ છે. નવખંડમાં ક્યાં તારો પ્રેમ પથરાયો નથી ?. તે સજ્જન અને સંતજનને પણ અહીં મોકલ્યાં છે. તો માનવતાની જયોત પણ અહીં સતત પ્રજવલ્લિત રહી છે. લાખો લોકોથી જખ્મી થયેલાં અમને તું પ્રેમથી સ્વીકારજે. અમે પ્રેમવિહોણાં ના રહીએ. અમે ધરતીમાંથી ધિક્કારને દૂર ધકેલી દેવા માગીએ છીએ. પારાવાર પ્રીતનાં પ્રતીક બનીને હળીમળીને રહેવા ઇચ્છીએ છીએ. તારા નિત્ય નવા-નવા રુપ અમારા જીવનનાં સત્વ અને સમજને નવું સૌંદર્ય બક્ષે છે. છેલ્લી બે પંક્તિમાં કવિ કહે છે - ' હે સૌંદર્યસ્વરુપ ! શોભા હું તે શી કથું ? એમ પ્રશ્ન પૂછીને આજેય આપણને પ્રેમનો મહિમાપંથ બનાવતો સામાજિક સંદેશ આ કાવ્ય આપી જાય છે. આમ આ વિશ્વંભર કાવ્ય કાવ્યવિષય અને કાવ્યનાં ભાવપ્રિયતાની નજરે સક્ષમ છે. સરસ અને સબળ છે. પ્રેમભાવના કે પ્રેમલહરી રુપેની આ કાવ્યરચના એ રીતે આસ્વાદ્યક્ષમ કાવ્યરચના બને છે.

પ્રત્યેક વર્ષે કાવ્યમાં કવિ મેઘાણી માત્ર બાર પંક્તિમાં જ કાવ્યનાં વિષય, ભાવ, ભાષા, રસકલા અને અર્થસંકેતનો વિશેષ અર્થસંદેશ આપી દે છે. કાવ્યમાં મેઘાણી કહે છે – 'આપણે નવા વર્ષે સૌને મળીએ છીએ'. પ્રથમ છ જ શબ્દમાં કવિ ચોટદાર આરંભ કરી કહે છે – 'દંભી રસમ છે, – નવ કોઇ કહેજો !', 'પ્રત્યેક વર્ષે અભિનંદવાની'. આ ત્રણ શબ્દોમાં વ્યવહારજીવનની દાંભીકવૃત્તિ તરફ ઘા કર્યો છે. આ શબ્દચાતુરી રુપેનો ઘા છે. કલમની તાકાત તલવાર કરતાંય વધુ ધારદાર અને સચોટ હોય છે. આનંદ ન હોય તોય, બતાવવાનો આનંદ. ને રુદન છુપાવીને દંભી ચહેરો બનાવીને હસતું રહેવાનું?. જીંદગી બસ શું આમ જ જીવવાની ?. આ ચિતસંઘર્ષની વ્યથાકથા આ કાવ્યનાં માધ્યમથી મેઘાણી કહે છે.

'રોવું તો સદાકાળ ભલે લખાયું'.. પણ વરસમાં એકાદ દિવસેય હસવા દે! તેવો સમાજ આપણે બનાવી કે નિર્માણ કરી શક્યા નથી. તહેવાર કે પર્વ નવીનતાની સોચ છે, બદલવું જોઇએ. મેઘાણી એને 'નવેળી' કહે છે. મનની સાંકડી શેરીમાં આજેય આપણે અજવાળું લાવી કે પાથરી શક્યા નથી. ઘનઘોર મનની સાંકડી શેરી આપણને વારસામાં મળી છે. જીવનને નવજીવન કરવું હોય તો એ જૂની માન્યતાઓ અને મનોગ્રંથિઓ છોડવી જ રહી, સંકિર્ણતા અને પૂર્વગ્રહની કુટેવ છોડી વિશાળતા અને ઉદારતાની સૌને સ્વીકારવાની સુટેવ વિકસાવવી પડશે. કુસંપની કુટેવ આજેય આપણો પીછો છોડતી નથી. ભેદભાવ આપણો સ્થાયીભાવ બનાવી ચૂક્યા છીએ. વ્યવહારિક જીવનમાં દંભ છે કારણને એ વૃત્તિવિકારને આપણે સેવ્યો છે. સર્વોદય અને સર્વોત્તમની ઉદાર અને ઉદાત ભાવના આપણે કોઠે પડી નથી. એ કલંક આપણી કરુણતા છે.

ખોંખારો ખાઇને ખાનદાનીપૂર્વક 'આપણે સૌ ભારતીય એક, કે ભારતમાતાનાં સંતાન સૌ સરખા' - આ વિચાર કે વૃત્તિ – કે વલણને છાતી ઠોકીને, આપણે બુલંદ સ્વરે કહી-ગાઇ શકતા નથી. કદાચ ગાઇએ છીએ તો વ્યવહાર જીવનમાં આપણે વધુ વિકેન્દ્રીત થયેલાં (કુસંપીવૃત્તિ) છીએ. માનવવૃત્તિ તરીકે ઇર્ષા હોવી અને સંસ્કારની વૃત્તિ તરીકે દ્વેષ કે ઇર્ષા હોવી – એ બંન્નેમાં અંતર છે. જેને આપણે સમજી કે પારખી શકયા નથી. પ્રત્યેકનાં જીવનની શક્યતાનાં સોપાનને ના સ્વીકારતા આપણે લાંબી.... ગુલામી ભોગવી. અનેકનાં લાકડીનાં ઘા ખાધા. ઝિલ્યાં. પણ... હવે તો આશાવાદ જ છે કે ગઇ ગુજરી ભૂલીને આજનો દિવસ રળિયામણો ગણીને હવે.... થોડીક તો છાતી ફૂલાવીને ગાતું ગીત ગરવી ભારતમાત તણાં... સુંદર ભાવ અને વિચારવાહી કાવ્ય એ રીતે લાક્ષણિક બને છે.

મેઘાણીનાં આ ત્રણેય કાવ્યો ભાવપક્ષ અને કલાપક્ષની નજરે શબ્દશૈલીથી શબ્દ-સંયોજનથી સુંદર અને સફળ કાવ્ય બન્યું છે. આમ આ કાવ્યને પણ વિશ્વપ્રેમની ભાવનાને કવિ મેઘાણીએ મહિમા કર્યો છે.

## લાક્ષણિક રચના તરીકે-

મેઘાણીકૃત 'યુગવંદના' કાવ્યસંગ્રહમાં વિષય વૈવિધ્યની સાથોસાથ ભાવવિવિધ્ય પણ છે. સ્વરુપ વૈવિધ્યની સાથોસાથ એમાં કાવ્યસંદર્ભ અને યુગચેતનાની લાક્ષણિકતા જોઇ શકાય છે. કોઇપણ કાવ્યને મૂલવવા માટે પશ્ચિમ કાવ્યકલાની નજરે જોઇ-તપાસી શકાય. તેમ, પૂર્વીય એવા સંસ્કૃત આલંકારિકોથી પણ સમીક્ષા કરી શકાય. આ કાવ્યમાં વિષયની નજરે પ્રેમભાવનાનો મહિમા ગવાયો છે. ભાવનાત્મક અભિગમને વિચાર સંલગ્ન બનાવીને કાવ્ય રસ બનાવી રસિક રચના બનાવી છે. તો વળી, શબ્દપસંદગી, ભાષાકલા, રસકલા, કાવ્યનો ધ્વનિ, કાવ્યની રીતિ, કાવ્યમાં અલંકારવિધાન અને સામાજિક સંદેશ સાથે શીર્ષક અને યુગવંદના રુપેનો મહિમા લાક્ષણિક રીતે ગવાયો છે. એ મેઘાણીની પણ આગવી ઓળખ રહી છે. મેઘાણી સ્થૂળ પ્રેમથી શરુ કરીને વૈશ્વિક અને શાશ્વત પ્રેમલહેરીનો મહિમા કરતાં કવિ છે. એ રાષ્ટ્રવાદની રંગીન કવિતાઓ સાથે માનવીય સંવેદનાઓને પણ રસમય બનાવીને આ ત્રણેય કાવ્યમાં પોતાનાં કવિકર્મને સુયોગ્ય રીતે અને સુપેરે પ્રસ્તુત કરે છે. કહી શકાય- આ રીતે 'યુગવંદના'નાં આ ત્રણ કાવ્યો થોડીક જુદી

રીતે આસ્વાદ્યક્ષમ બને છે. એ શક્યતાને આપણે નકારી શકીએ નહીં.

**સમાપન-**

ગાંધીયુગનાં 'રાષ્ટ્રીય શાયર' તરીકે જાણીતા સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણી પોતાને 'પહાડનું બાળક' ગણાવે છે. તો મેઘાણી પોતાને 'ચારણોનાં ટપાલી' તરીકે પણ ઓળખાવે છે. દેશની આઝાદીની ચળવળનાં બુલંદ અને બળૂકા અવાજ તરીકે મેઘાણીને આજેય આપણે યાદ કરવા જ પડે ! એ યુગનો પ્રભાવ સૌ કોઇ સાહિત્યકારોએ ઝિલ્યો હતો. કોઇ વિચારધારા તરીકે તો કોઇ રાજનૈતિક અભિગમથી. કોઇ સાહિત્યનાં સ્વરે તો વળી, કોઇ ગ્રામ્ય સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે. કોઇ આઝાદીની ચળવળનાં અભિગમ રુપે તો કોઇ વળી, ભાવનાપ્રિયતા કે આદર્શઘેલૂડા બનીને ગાંધીયુગનાં પ્રભાવ અને પ્રવાહને ઝિલે છે. મેઘાણીની સર્જનયાત્રા અનેકરંગી છે. એમનું આ માતબર સાહિત્ય, આજેય ગાંધીયુગનું પ્રથમ પંક્તિનું સાહિત્ય સર્જન ગણાય છે. મેઘાણીનાં અનેક કાવ્યસંગ્રહોમાં 'યુગવંદના' સૌથી વધુ જાણીતો કાવ્યસંગ્રહમાં છે. એમાં સ્વરુપ, સામગ્રી, શિલ્પ અને સામાજિક સંદેશનાં કાવ્યો પણ જોવા મળે છે. પણ આપણી ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં કોર્ષમાં પસંદ થયેલી કવિતાઓની સંખ્યા માત્ર **23 (**ત્રેવીસ**)** છે. એમાં, આપણે પ્રેમલહરી કે પ્રણયલહરીનાં ('દીવડો ઝાંખો બળે', 'વિશ્વંભર !' અને 'પ્રત્યેક વર્ષે') આ ત્રણ કાવ્યો નજર સામે રાખીને આપણે ઉપર મુજબની એક થોડાંક જુદેરા આસ્વાદ અભિગમથી એ કાવ્યોની ચર્ચા કરી શકીએ. કલાત્મક અભિગમ કરતાં અહીંયા આપણે કાવ્ય વિષય-ભાવ-રસ બાબતે અભિગમ રાખીને ઉપર મુજબની ચર્ચા કરી છે.